## સુરતના મહે. ૫માં એડી.જયુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં,મુ.સુરત

**ક્રિમીનલ કેસ નં.– ૯૩૧૮૯ /૨૦૨૪**

**આંક:–**

**–: ચુકાદો :–**

આ કામે આરોપીઓ સામે ધી જુગારધારા કલમ–૧૨(અ)મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્રારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે. આ કામે આરોપીઓની પ્લી નોંધવામાં આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપીઓ એ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે તથા નો કલેઈમ પુરસીસ રજુ કરેલ છે. જે રેકર્ડ કરી સદર આરોપી નાઓને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીનાઓની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાનું જણાવે છે. આરોપીઓ નાઓની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ઘ્યાને લીધી તથા નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વી.નટવરજી ઠાકોર ૨૦૦૫(૧) જીએલઆર પાના નં ૭૦૯ વાળા ચુકાદામા જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામા જણાવેલ ઓછામા ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે જે સીધ્ધાંતને ઘ્યાને રાખતા સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામા આવે અને તેને યોગ્ય દંડ કરવામા આવે તો ન્યાયનો હેતુ જણવાય જેથી ફરીયાદના ગુન્હાની જોગવાઈ ઘ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ઘ્યાને લેતાં સદર કેસમાં આરોપી નાઓને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

**–: હુકમ :–**

આરોપી – (૧) મુદસીર ઉર્ફે મુજ્જુ ગફાર શાહ, ઉ.વ.પુખ્ત, (૨) અશરફ મોહમદ સિદીક રાયન, ઉ.વ.પુખ્ત નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ મુજબ ધી જુગારધારા કલમ– ૧૨(અ) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) ના દંડની સજા ફરમાવવામાં આવે છે જો આરોપીઓએ દંડની રકમ ન ભરે તો દિન–૧ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

મુદામાલ પાવતીમાં જણાવેલ પટ પરની રોકડ રકમ હોય તો સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે. જો મુદામાલ કોર્ટમા જમા ન હોય તો પો.સ્ટેમા સત્વરે યાદી કરી તે રકમ કોર્ટમા જમા કરાવવાનો હુકમ કરવામા આવે છે.બાકીનો બીનકીમતી મુદામાલ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે. જો આરોપીએ કોઈ કીમતી મુદામાલ વચગાળાના હુકમે છોડાવેલ હોય તો તે આખરી રાખવામા આવે છે અન્યથા હકક દાવો કરનારને માલીકીની ખરાઈ કરી તેને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૨૨ મી, માહે– જુન , સને–૨૦૨૪ ના રોજ સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૨/૦૬/૨૦૨૪
સ્થળ : સુરત.

(કુ.એસ.એન ફાળકી)
૫માં એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક,સુરત
**CODE NO.001579**